## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ફક્ત, સો શહેરો 'સ્માર્ટ' સિટી ડિક્લેર થઈ ગયા... એટલે આપણે બાકીનાં ગામડાવાળા ઓટોમેટીક... ડભોળ...!!

# દલિત સાહિત્યના કેન્દ્રસ્થાને આમ આદમી : રાજ્યપાલશ્રી

## ગાંધીનગરમાં આયોજિત 'વંચિતોના સાહિત્ય પર ડો.બાબા સાહેબ આંબેડકરની વિચારધારાનો પ્રભાવ' વિષયક બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું સમાપન

ગાંધીનગર, તા.૩૧

દલિત સાહિત્ય ધાર્મિક, સામાજિક અને વૈચારિક આંદોલનની નીપજ છે, તેવું આજરોજ ગાંધીનગરના આંગણે આવેલી નેશનલ લો યુનિવસીટી ખાતે યોજાયેલ 'વંચિતોના સાહિત્ય પર ડૉ.બાબા સાહેબ આંબેડકરની વિચારધારાનો પ્રભાવ' વિષયક બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદના સમાપન સમારંભમાં ઉપસ્થિત ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું.

રાષ્ટ્રીય પરિસંવાદમાં શ્રોતા તરીકે ઉપસ્થિત રહ્યો હોત તો મારા જ્ઞાનમાં અવશ્ય વધારો થયો હતો, તેવું જણાવીને રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે, દલિત સાહિત્ય જ્ઞાતિ, જાતિના આધારે નહિ પણ મનુષ્યનું સાહિત્ય છે. દલિત સાહિત્યના કેન્દ્ર સ્થાને મનુષ્ય છે, જેથી આ સાહિત્યમાં આક્રોશ, વ્યંગ જેવા રૂપ જોવા મકે છે. તેની સાથે આ સાહિત્ય સરફ અને બોલચાલની ભાષામાં વધુ જોવા મકે છે. તેના વાક્યમાં ભારેખમ શબ્દો જોવા મકતા નથી, જેથી સામાન્ય વ્યકિતને પણ આ સાહિત્ય વાંચવું ગમે છે. વધુમાં કહીએ તો આ સાહિત્ય સોશિયલ જસ્ટિસ સાહિત્ય છે.



આ પ્રસંગે નેશનલ લૉ યુનિવસીટીના ડાયરેકટર શ્રી બિમલ પટેલે જણાવ્યું હતું કે, ડૉ.બાબા સાહેબ આંબેડકર માત્ર દલિતોના જ નેતા ન હતા પણ સાચા સમાજ સુધારક સાથે સાથે વિશ્વવિભૂતિ પણ હતા. ૨૦૧૬માં શાંતિ, સલામત ભારતનું નિર્માણ કરવામાં તેમનું શું યોગદાન છે, તેની વિસ્તૃત વાત કરી હતી. તેમજ નેશનલ લૉ યુનિવસીટી ખાતે શરૂ કરવામાં આવેલ સામાજિક કાર્ય, ન્યાય અને કાનૂની શિક્ષણ પાછળના ઉમદા આશયની વાત પણ કરી હતી.

આ પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહાએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં વિવિધ ભાષામાં રચાયેલ દલિત સાહિત્યની રસપૂર્વક વાત કરી હતી. રાષ્ટ્રીય પરિસંવાદના સમાપન સમારંભ પ્રસંગે રાજયપાલશ્રીના હસ્તે લક્ષ્મણ ગાયકવાડ, જયદિપ સારંગી, ડૉ.દામોદર મૌરે, પ્રવિણ ગઢવી અને હરીશ મંગલમ્ નું શાલ ઓઢાડી અને સ્મૃતિ ચિહ્નન આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આભારવિધી જાણીતા સાહિત્યકાર શ્રી ડૉ. પી.જી.જયોતિકરે કરી હતી.

આ સમારંભમાં અનુસૂચિત જાતિ કલ્યાણના નિયામક શ્રી કે.ડી.કાપડિયા સહિત દેશના અનેક રાજયો અને ગુજરાતના સાહિત્યકારો ઉપસ્થિત રહ્યાં હતાં.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર શહેરની સહકારી સંસ્થા દૂધ વાપરનારાઓની સહકારી મંડળીમાં સભાસદોને ભેટનું વિતરણ ચાલી રહ્યું છે.
- આજે યોજાયેલ મેરોથોનમાં શહેરના ૨૫ થી વધુ તબીબોએ ભાગ લીધો હતો.
- ગાંધીનગર નજીક આવેલા ચિલોડા ખાતે સાંજના સમયે આજે ભારે ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો.
- ગાંધીનગર મેડીકલ કોલેજમાં ૪જી અને વાઈફાઈની સુવિધા અંગે હાલ સર્વેની કામગીરી ચાલી રહી છે.
- ગાંધીનગર શહેરમાં ઝાકળ વહેલી સવારે પડતાં અને બપોરે ગરમી આકરી પડી રહી છે જે સ્વાઈન ફ્લુ માટે સાનુકૂળ વાતાવરણ ગણવામાં આવી રહ્યું છે. સાંજે પાછી વાતાવરણમાં ઠંડક જોવા મળે છે.
- ગાંધીનગર જિલ્લામાં જી-સ્વાનનું સર્વર ધીમુ ચાલતુ હોવાને કારણે ઓન-લાઈન ડેટા એન્ટ્રીની કામગીરી ખુબ ધીમી ગતિએ ચાલી રહી છે.
- ગુજરાત સરકાર દ્વારા બજેટની તૈયારીઓ જોરશોરથી શરૂ કરી દેવાઈ છે.

## કલોલ તાલુકામાં રાષ્ટ્રીય બાલિકા સપ્તાહ ઉજવણી નિમિત્તે રેલી યોજાઈ





ગાંધીનગર, તા. ૩૧

તાલુકા આરોગ્ય કચેરી, કલોલ ખાતે તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. હર્ષદ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય બાલિકા સપ્તાહ ઉજવણી નિમિત્તો બેટી વધાવો, બેટી પઢાવો લોક જાગૃતિના ભાગરૂપે એક ભવ્ય રેલી યોજવામાં આવી. આ રેલીમાં શ્રી સી.એમ. પાડલીયા, પ્રાંત અધિકારી, કલોલ અને શ્રીમતી આનંદીબેન પટેલ, પ્રમુખશ્રી, નગરપાલિકા કલોલ દ્વારા રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવેલ હતુ.

બાલિકાઓ દ્વારા પોલીસ, વકીલ, ડૉક્ટર, ભારતમાતા, ઝાંસીની રાણી જેવા પાત્રોની વેશભુષા ધારણ કરી લોકોને ભારત વર્ષની સંસ્કૃતિમાં માતૃ શક્તિને દેવી માને છે. તેવા દર્શન કરાવી સ્ત્રી ભ્રુણ હત્યાનું પાપ કરી દીકરીઓને અવતરતી અટકાવશે નહી તેવી લોક જાગૃતિ લાવવાનો પુરેપુરો પ્રયત્ન કરેલ હતો. આ રેલીમાં બેટી બચાવો, બેટી પઢાવો, દીકરી વ્હાલનો દરીયો, દીકરો દીકરી એક સમાન, વિગેરે સૂત્રોચ્ચાર તેમજ બેટી વધાવોના સંગીતમય ગીતો રજુ કરી સૂત્રોના પ્લે કાર્ડ, બેનર્સ દ્વારા લોકોમાં લોકજાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ હતો.

# નારદીપુર-રૂપાલ માર્ગ પર એક્સેસ પલ્ટી ખાતા યુવતીનું મોત

**નારદીપુરથી IELTSના ક્લાસ કરવા બે સખીઓ ગાંધીનગર આવી રહી હતી : રસ્તા વચ્ચે કુતરૂ આવી ગયુ તેને બચાવવા જતા અકસ્માત સર્જાયો**

ગાંધીનગર, તા. ૩૧

નારદીપુર ગામમાંથી બે સખીઓ IELTS ના ક્લાસ કરવા એક્સેસ લઈને ગાંધીનગર આવી રહી હતી ત્યારે સવારે રૂપાલ રોડ પર અચાનક એક કુતરૂ આવી ગયુ ને તેને બચાવવા જતા એક્સેસ પલ્ટી ખાઈ ગયુ હતુ. આ અકસ્માતમાં એક્સેસ ચાલક ૨૪ વર્ષીય યુવતીનું માથામાં ગંભીર ઈજાઓ થવાના કારણે મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે તેની પાછળ બેસેલી યુવતીને સામાન્ય ઈજાઓ થવા પામી હતી. મળી રહેલી માહિતી મુજબ જે યુવતીનું મૃત્યુ થયુ તેના ચારેક મહિનામાં લગ્ન લેવાના હતા..!

નારદીપુરના દરબારવાસમાં રહેતી ૨૪ વર્ષીય કોમલબા ભુપતસિંહ વાઘેલા અને તેણીની સખી આશા મોતીભાઈ ચૌધરી એક્સેસ નં. જીજે-૧૮.સી.સી.૨૪૭૯ લઈને આજે સવારે આઠેક વાગ્યે ઘરેથી રૂપાલ રોડ થઈને ગાંધીનગર આવવા નીકળ્યા હતા. રૂપાલ રોડ પર અચાનક કુતરૂ આવી જતાં કોમલબાએ કુતરાને બચાવવા બ્રેક લગાવી અને એક્સેસ સ્લીપ ખાઈ ગયું હતું. માથે ગંભીર ઈજાઓ થતા કોમલબા બેભાન થઈ ગયા હતા. બંનેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જો કે કોમલબાનું પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. આ સમાચારથી પરીવારજનો તથા કુટુંબીજનોમાં શોકની લાગણી પ્રવર્તી હતી. મૃતક કોમલબાના મે માસની આસપાસ લગ્ન લેવાના હોવાનું પણ જાણવા મળ્યુ હતુ. મૃતકના પિતાની ફરીયાદને આધારે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## રાંધેજા મહાદેવ દેસાઈ ગ્રામ સેવા મહાવિદ્યાલય ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ





ચિલોડા, તા.૩૧

જિલ્લાના રાંધેજા ખાતે ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા મહાવિદ્યાલયમાં ૩૦મી ગાંધી નિર્વાણ દિન પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં સૌ પ્રથમ ગાંધી નિર્વાણ દિન નિમિત્તે બે મિનિટ મૌન પાળી બાપુને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. આ ઉપરાંત પેરાલીગલ વોલન્ટર્સના સુધીર દેસાઈ, જયરામભાઈ સોની, સીતારામભાઈ પટેલ, વિમળાબેન અપાચી સહિતના વકતાઓએ રાઈટ ટુ એજયુકેશન અંગે જરુરી માર્ગદર્શન પુરું પાડયું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તારી રૂપે કાનૂની અંગે જાણકારી મેળવવાનો પ્રયાસ કર્યો હતો. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પ્રતિનિધિ તરીકે વસંતભાઈ પરમાર તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## એઈડ્સ અને રક્તદાન જાગૃતા વિશે વ્યાખ્યાન

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ, સારીરિક શિક્ષણ મહાવિદ્યાલયની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા એઈડ્સ અને રક્તદાન જાગૃકતા વિશે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તા તરીકે સિનિયર સિટીઝન કાઉન્સિલના પૂર્વ પ્રમુખ આર.જે. શાહ સાહેબે વ્યાખ્યાન આપ્યું હતું. તેમને જણાવ્યું કે દેશમાં દર્દીઓ માટે કેટલા રક્તની જરૂર હોય છે અને કેન્સરથી પીડાતા દર્દીઓને કેટલી માત્રામાં રક્તની જરૂરીયાત હોય છે





ચૌધરી સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ રવિવારે આંબેડકર હોલ સેક્ટર-૧૨ ખાતે યોજાઈ ગયો. જ્યાં બાળકો માટે તત્કાલ ચિત્ર સ્પર્ધા, લીંબુ-ચમચી દોડ, દોડ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ અને તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમાજના આગેવાનો તથા પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)

## ઈન્દ્રોડાની શાળામાં ધ્વજવંદન યોજાયું

ગાંધીનગર, તા. ૩૧

ઈન્દ્રોડાની સરકારી પ્રાથમિક શાળા ખાતે ૬૭મા પ્રજાસત્તાક દિનની ઉજવણી ખૂબજ ધામધૂમથી કરવામાં આવી હતી. 'બેટી બચાવો-બેટી પઢાઓ' ૨૦૧૬ની ઉજવણી પ્રસંગે 'દીકરીની સલામ દેશને નામ' કાર્યક્રમ અંતર્ગત ઈન્દ્રોડા ગામની સૌથી વધુ શિક્ષિત દીકરી કોમલ પ્રજાપતિના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ વર્ષે જન્મેલી દીકરીઓના માતા-પિતાને બોલાવી, પ્રથમ હરોળમાં બેસાડી તેમનું સન્માન કરી, ૨૬ દિકરીઓને સ્મૃતિચિહ્ન તરીકે પ્લેટ અને ચમચી આપવામાં આવી હતી. તેમજ વધુ ભણેલી દિકરીઓને સ્ટીલના ડબ્બા આપવામાં આવ્યા હતા. ગામમાંથી મોટી સંખ્યામાં વાલીઓ તથા એસ.એમ.સી.ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. શાળાના બાળકોએ અભિનયગીત નૃત્ય, નાટક, ગરબા જેવા કાર્યક્રમ રજુ કર્યા હતા. અંતમાં બાળકોને ચોકલેટ તથા બિસ્કિટ વહેંચવામાં આવ્યા હતા. બન્ને પાળીના આચાર્યા શર્મિષ્ઠાબેન તથા માયાબેને ખૂબ જહેમત ઉઠાવી સર્વ સ્ટાફગણના સહકારથી આ કાર્યક્રમની ઉજવણી કરી હતી. આ ઉપરાંત ઈન્દ્રોડા-૧માં ફરજ બજાવતા શિક્ષિકા ગુણવંતીબેન સોનારાના સુપુત્ર ભાવિન સોનારા તથા પુત્રવધૂ અ.સૌ. નિલમ સોનારાએ તેમના લગ્નદિવસની ઉજવણી ઈન્દ્રોડા શાળાના બાળકોને ચિકી તથા બિસ્કીટ વહેંચી, માસુમ બાળકોની ખુશાલીમાં પોતાની ખુશી મનાવી હતી. આ દંપતિ તેમનો લગ્નદિવસ ફિલ્મ જોવામાં કે ફરવામાં વિતાવવાના બદલે નાનકડા ભૂલકાઓ સાથે અનોખી રીતે મનાવવામાં જ આનંદ માળ્યો હતો.

# ચિલોડામાં હરાજીની મંજુરીના અભાવે લાકડુ નષ્ટ

## વાવાઝોડામાં પડી ગયેલા વૃક્ષોના લાકડાની હરાજી અંગે મામલતદારનું ઉદાસીન વલણ, સરકારી તિજોરીને આશરે બે લાખનું નુકસાન

ગાંધીનગર, તા.૩૧

ચિલોડા ગ્રામ પંચાયતની સરકારી ગૌચર પડતર જમીન ઉપરના મોટી સંખ્યામાં વિસ્તરેલા વૃક્ષો ચોમાસામાં આવેલ ભયાનક વાવાઝોડાથી ધરાશાયી થઈ ગયા હતા. આ વૃક્ષોના લાકડા અંગે ગામના સરપંચ તથા સભ્યોએ મામલતદારને લેખિત જાણ કરી હરાજી કરવા મંજુરી જે તે સમયે માંગેલ હતી પરંતુ મામલતદાર દ્વારા આ અંગે કોઈ નિર્ણય હજુ સુધી ન લેવાતાં આ વૃક્ષોના લાકડા ઉધઈ તથા બોદા થઈ જઈને નષ્ટ પામ્યા છે અને સરકારી તિજોરીને આશરે બે લાખ જેટલું નુકસાન થયાનો અંદાજ છે જેથી તાજેતરમાં મળેલી ગ્રામસભામાં આ મુદ્દે ભારે આક્રોશ જણાયો હતો.





મળેલ વિગત મુજબ ગાંધીનગરના પડોશી એવા ચિલોડામાં ગ્રામ પંચાયતની ગૌચર પડતર જમીન ઉપર ૮૦થી વધુ વૃક્ષો આવેલા હતા. જે ચોમાસા દરમિયાન આવેલ ઝંઝાવાતી વાવાઝોડાથી ધરાશાયી થઈ જમીન દોસ્ત થઈ ગયા હતા. જેથી ચિલોડા ગ્રામ પંચાયતના સરપંચ સવાજી ઠાકોરે પંચાયતમાં ઠરાવ કરી જમીન દોસ્ત થયેલા વૃક્ષોના લાકડાની હરાજી માટે ગાંધીનગર મામલતદારને તે જ સમયે લેખિતમાં જાણ કરી હતી ત્યારબાદ સંજયભાઈ ઠાકોર સહિતના સભ્યોએ અત્યાર સુધી વારંવાર મામલતદારની મુલાકાત લઈ વૃક્ષોના લાકડાની હરાજી માટે મંજૂરી આપવા સતત માંગણી કરે રાખી હતી પરંતુ આ અંગે કચેરી દ્વારા કોઈ જ કાર્યવાહી હાથ ધરાયેલ નથી.

વધુમાં જમીનદોસ્ત થયેલા વૃક્ષો છ થી સાત મહિના સુધી યથાવત સ્થિતિમાં પડી રહેતા બોદાઈ ગયા છે તેમજ ઉધઈ લાગી ગઈ છે જેથી બિનઉપયોગી બની નષ્ટ થઈ ગયા છે અને કેટલાક લોકો તેનો બળતણ તરકે ઉપયોગ કરવા સગવગે કરી રહ્યા છે. ૮૦ જેટલા વૃક્ષોનું મોટા પ્રમાણમાં લાકડું તંત્રની ઉદાસીનતાથી નષ્ટ થઈ જતા સરકારી તિજોરીને આશરે બે લાખ જેટલું નુકસાન થયાનો અંદાજ મુકાઈ રહ્યો છે. ચિલોડા ગ્રામ પંચાયતને જો આ લાકડાની આવક થઈ હોત તો ગામના વિકાસમાં ઉપયોગી થઈ શકત તેવો બળાપો પણ સરપંચ તથા સભ્યોએ વ્યકત કર્યો છે. વધુમાં તાજેતરમાં મળેલી ગ્રામસભામાં પણ આ મુદ્દાને લઈને ચર્ચા થઈ હતી અને થયેલા નુકસાનની વસુલાત લાપરવાહી દાખવનાર અધિકારી પાસેથી વસુલવાની માંગ સાથે ભારે આક્રોશ જોવા મળ્યો હતો.